# ધોરણ-૧૨ સીબીએસઈના પરિણામ અંગે સુપ્રીમની ફોર્મ્યુલા

## સીબીએસઇની પરીક્ષામાં ધોરણ-૧૦ અને ૧૧ની પરીક્ષાના ૩૦-૩૦ માર્ક અને ધો. ૧૨ની આંતરિક પરીક્ષાઓના ૪૦ માર્ક

ન્યુ દિલ્હી,તા.૧૭

સીબીએસઈ તરફથી ધોરણ-૧૨ના પરિણામ તૈયાર કરવાને લઈ રચવામાં આવેલી કમિટીએ આજે સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સીબીએસઈને મૂલ્યાંકન નીતિ નક્કી કરવા માટે ૧૪ દિવસનો સમય આપ્યો હતો.

કોરોના વાયરસના સંક્રમણના કારણે સીબીએસઈ અને આઈસીએસઈ તરફથી ધોરણ-૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૧ને રદ કરી દેવામાં આવી હતી. હવે પરિણામ જાહેર કરવાને લઈ સીબીએસઈ તરફથી તૈયારી કરવામાં આવી રહી છે. આજે સુપ્રીમ કોર્ટમાં સીબીએસઈ ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવાને લઈ સુનાવણી હાથ ધરવામાં આવી જેમાં સીબીએસઈએ સોગંધનામું રજૂ કર્યું. સુપ્રીમ કોર્ટમાં છચ્એ કહ્યું કે આ પહેલા આવી પરિસ્થિતિ ક્યારેય ઊભી નથી થઈ. કોર્ટે કહ્યું કે પોલિસીની એક નકલ વિકાસ સિંહને પણ આપવામાં આવે.

CBSE અને ICSE બોર્ડ તરફથી ધોરણ-૧૨ની માર્કશીટ તૈયાર કરીને લઈ રચવામાં આવેલી ૧૩ સભ્યોની સમિતિએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. CBSEએ જણાવ્યું કે ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ની પ્રી બોર્ડ પરીક્ષાના પરિણામ અને ધોરણ-૧૨ના ફાઈનલ પરિણામના આધાર પર તૈયાર કરવામાં આવશે અને પરિણામ ૩૧ જુલાઈ સુધીમાં જાહેર કરી દેવામાં આવશે.

સીબીએસઈએ કહ્યું છે કે ધોરણ-૧૦ના ૫ વિષયમાંથી ૩ વિષયના સૌથી સારા માર્કને લેવામાં આવશે. આવી જ રીતે ધોરણ-૧૧ના ૫ વિષયના સરેરાશ માર્ક લેવામાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૨ના પ્રી-બોર્ડ પરીક્ષા અને પ્રેક્ટિકલના માર્કને લેવામાં આવશે. ધોરણ-૧૦ના માર્કના ૩૦ ટકા, ધોરણ-૧૧ના માર્કના ૩૦ ટકા અને ધોરણ-૧૨ના માર્કના ૪૦ ટકાના આધાર પર પરિણામ આવશે.

CBSEએ ધોરણ-૧૨ની પરીક્ષા માટે મૂલ્યાંકન માપદંડ પ્રસ્તુત કરતાં કોર્ટને જણાવ્યું કે, ૪૦ ટકા માર્ક ધોરણ-૧૨ની પ્રી-બોર્ડ પરીક્ષાને આધારિત હશે. જ્યારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૧ની પરીક્ષાના પણ ૩૦-૩૦ ટકા માર્ક તેમાં જોડાશે. બોર્ડે ધોરણ-૧૨ના પરિણામમાં અગાઉની પરીક્ષાઓના પ્રદર્શનને પણ મહત્ત્વ આપવાનો નિર્ણય કર્યો છે.

જસ્ટિસ એ.એમ. ખાનવિલકર અને જસ્ટિસ દિનેશ માહેશ્વરીની બેન્ચે બોર્ડના પ્રસ્તાવ પર સૈદ્ધાંતિક સહમતિ આપી દીધી છે. તેની સાથે જ કોર્ટે CBSE અને ICSEને પોતાની વેબસાઈટો પર મૂલ્યાંકન યોજના અપલોડ કરવાના નિર્દેશ આપ્યા છે.

CBSEએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, પ્રેક્ટિકલ ૧૦૦ માર્કનું હશે અને સ્ટુડન્ટ્સને સ્કૂલો દ્વારા આપવામાં આવેલા માર્ક જ માન્ય હશે. ICSEએ પણ સુપ્રીમ કોર્ટને સોગંધનામું આપીને જણાવ્યું કે ૩૧ જુલાઈ પહેલા પરિણામ જાહેર કરી દેવામાં આવશે.

### પ્રાંતિજના તાજપુર કુઈ ને. હા. ૮ પર

# ટ્રક રોડ વચ્ચોવચ ખોટકાતા બંને સાઈડ આવતા વાહનોની બબ્બે કિમીની કતાર

### અવરજવર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે : હાઇવે પોલીસ દ્વારા ટ્રાફિક હળવો કરવા માગ : ૧૦૮ અને એમ્બ્યુલન્સ ટ્રાફિકમા અટવાય છે

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે રોડના કામને લઈને અવરનવર ટ્રાફિક કુઈના વેપારીઓ રોડ કોન્ટ્રાક્ટર અને હાઈવે પોલીસ પર ભારોભાર રોષ ભરાયા છે. જ્યાં જુઓ ત્યાં આડેધડ ખોદકામ કરી અટવાઈ પડે છે જેથી કોઈનો જીવ જોખમમાં મુકાય તે પહેલાં પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરીટી વહેલી તકે આ સમસ્યા હલ કરે



જામની સ્થિતી તંત્ર હાઈવે પોલીસ દ્વારા ટ્રાફિક હળવો કરવા માગ.

પ્રાંતિજના તાજપુર કુઈ નેશનલ હાઈવે આઠ પર રોજના ૮થી ૧૦ વખત ટ્રાફિક ચક્કાજામ થઈ જાય છે સીક્સ લાઈનના કોન્ટ્રાક્ટર પણ હવે આંખ આડા કાન કરી રહ્યા છે નેહા આઠ ચોથો રાઈટ ફોન પર વાતચીત કરીએ તો ફોન રિસીવ કરતા નથી તાજપુર નાના સાંકડા સર્વિસ રોડ ઉપર ડાયવર્ઝન આપી વાહનોની અવરજવર કરાય છે આવતા વાહનની સામે દ્વિચક્રી વાહનને પણ સાઈડ આપવી મુશ્કેલ બને છે જેથી અકસ્માતનો પણ ભય સેવાઈ રહ્યો છે આ કતારમાં મિનિસ્ટરની પણ કાર અટવાઈ હતી જ્યારે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સ પણ રોજેરોજ એવી ઉગ્ર માંગ ઉઠી છે જ્યારે કતારમાં આવી રહેલી મિનિસ્ટરની ગાડી અટવાતા સમયસર ન પહોંચતા હાઈવે પોલીસ પેટ્રોલિંગમાં આવી રહી હતી તે સમયે હાઈવે પોલીસ નીચે ઉતરી ટ્રાફિકની સમસ્યા હલ કરી હતી ત્યારે વાહન ચાલકોએ તેમજ રાહદારીઓએ રાહતનો દમ લીધો હતો.

# રસુલપુર પાસે રાત્રે કાર આગમાં લપેટાતાં અફડા તફડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર રસુલપુર ગામ નજીક ગત રાત્રે પસાર થતી કાર અચાનક આગમાં લપેટાતાં હાઈવે માર્ગ ઉપર અફડા તફડી મચી હતી. કારની



ડીકીમાં શોર્ટ સર્કીટ થવાથી આગ લાગ્યા પછી સદનસીબે ડ્રાઈવર સાઈડના દરવાજાનું લૉક ખુલતાં સંતરામપુર નગરપાલિકાના નાયબ હિસાબનીશ નિરવ પારઘી અને ક્લાર્ક જીજ્ઞેશ રતિલાલ મહેતાનો ચમત્કારીક બચાવ થયો હતો. વાહનોની અવર જવરથી ધમધમતા માર્ગ ઉપર કાર આગમાં લપેટાતાં મોડાસાથી ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યું હતું પરંતુ ગણતરીની મીનીટોમાં કાર આગની જવાળાઓમાં ભસ્મિભૂત થઈ ગઈ હતી. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે જાણવા જોગ લઈ તપાસ હાથ ધરી છે.

હાઈવે માર્ગ ઉપર કાળઝાળ ગરમીમાં વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ વધી છે. ધ બર્નિંગ કાર સમયે કારના દરવાજા લૉક થઈ જતા હોવાથી અનેક કમનસીબ વાહન ચાલકોએ આગની ઘટનાઓમાં જીવ ગુમાવ્યા છે. સંતરામપુર નગરપાલિકાના નાયબ હિસાબનીશ નિરવ પારઘી અને જીજ્ઞેશભાઈ મહેતા કોઈ કામ અર્થે કાર(નં.જી.જે.૩૫-બી-૬૪૧૧) લઈ તલોદ ગયા હતા અને કામ પતાવ્યા પછી વાયા હિંમતનગર થઈ સંતરામપુર જવા માટે કારમાં પસાર થતા હતા જે સમયે મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર રાતના ૯-૦૦ કલાક આસપાસ દોડતી કાર આગમાં લપેટાઈ જતાં બંન્ને જણ અગન જવાળાઓમાં ફસાઈ ગયા હતા. અન્ય દરવાજાના લૉક ખોલવાનો પ્રયાસ કર્યો પરંતુ ખૂલ્યા ન હોવાથી નજર સામે જ મોત નાચ કરતું જોવા મળતાં કારચાલકે ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલવાનો ફરી પ્રયાસ કર્યો હતો જેમાં સદનસીબે દરવાજાનું લૉક ખૂલી જતાં આગ વચ્ચે ફસાયેલા બંન્ને ઈસમો બહાર નિકળી જતાં જીવ બચ્યા હતા. રાત્રે વાહનોની અવર જવર વચ્ચે હાઈવેની સાઈડમાં કાર ભડભડ સળગતી જોવા મળતાં અન્ય વાહન ચાલકોએ પણ પોતાના વાહનનાં પૈડાં ત્યાં થંભાવી દીધાં હતાં. આગની દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણી સૌ કોઈએ રાહત અનુભવી હતી.

## ડીસાના ઢુંવા ગામે ખેતર માંથી ગાંજાના છોડ ઝડપાયા

ડીસા તાલુકાના ઢુંવા ગામેના એક ખેતરમાં ગાંજાની ખેતી થતી હોવાની માહિતી આધારે તાલુકા પોલીસે તપાસ કરતા ખેતરમાં વાવેલા ૫૩ છોડ મળી આવતા પોલિસે ૧,૨૪ ,૪૦૦ ની કિંમત ના ગાંજો ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડીસાના ભડથ ગામે ગાંજો જડપાયા બાદ ઢુંવા ગામેથી ખેતર માં વાવેલા ગાંજા છોડ મળી આવ્યા હતા ડીસા તાલુકા પોલોસ મળેલ બાતમી આધારે ઢુંવા ગામે રહેતા લાડજીજી કાળુજી ઠાકોર પોતાના માલિકીના ખેતરમાં ગેરકાયદેસર ગાંજાનું વાવેતર કર્યું હોવા મામલે તાલુકા પોલિસે તપાસ હાથ ધરી હતી જે દરમિયાન ખેતરમાં વાવેલા ગાંજાના ૫૩ છોડ મળી આવ્યા હતા. પોલીસે પંચોની રૂબરૂમાં ૧,૨૪,૪૦૦નો ગાંજો કબજે લઈ આરોપી લાડજીજી કાળુજી ઠાકોર વિરુદ્ધ નારકોટિનક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમનની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસાના માલગઢ ગામે ખેતરમાં ભાગના રૂપિયા માંગતા હુમલો

ડીસાના માલગઢ ગામે ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા ખેડૂતે પોતાના ભાગના રૂપિયા માગતા ખેતર માલિકે હુમલો કરી ઈજા કરતા પીડિત ભાગીયાએ આઠ સામે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની પોલીસ ફરિયાદની વિગતો જોતા રાજેશકુમાર શ્રવણભાઈ વાઘેલા માલગઢ ગામે શ્રવણભાઈ શાંતિલાલ માળીના ખેતરમાં ભાગિયા તરીકે કામ કરે છે. તેમણે ખેતરમાં ત્રીજા ભાગે ભીંડા અને ચોળીનું વાવેતર કરેલ ગત રોજ મંગળવારે તેમણે શ્રવણભાઈ પાસે ભાગના રૂપિયા માગેલા જે વખતે ખેતરમાં શ્રવણભાઈ શાંતિલાલ, મહેન્દ્રભાઈ ભૂરાભાઈ માળી ,નરેશ મોહનલાલ માળી, વિક્રમ વર્ધાજી માળી , અકિત સુરેશભાઈ માળી સહિતના લોકો હાજર હતા અને તે વખતે શ્રવણભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને મા બેન સામી ગાળો બોલી મારવા લાગેલ. તે દરમિયાન રાજેશભાઈ ના કાકા ત્યાં ઉભેલા તેમને પણ પથ્થર મારી ઈજાઓ કરેલી. આ તમામ લોકોએ રાજેશભાઈને જાતિ અપમાનિત શબ્દો બોલેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ જોકે આ મારામારી દરમિયાન અન્ય લોકો આવી જતા રાજેશભાઈને મારમાંથી છોડાવેલા. બાદમાં આ મામલે રાજેશભાઈએ ડીસા તાલુકા પોલીસ મથકે આઠ આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલિસે રાજેશભાઈની ફરિયાદ આધારે અનુસૂચિ જાતિ અધીનીયમનની કલમ તેમજ અન્ય કલમો હેઠળ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં મેઘરાજાની મહેર, કેટલીક જગ્યાએ પાણી ભરાયા

### રાજ્યના અનેક વિસ્તારોમાં જામતું ચોમાસુ : આગામી દિવસો સુધી વરસાદી વાતાવરણ રહેવા આગાહી

અમદાવાદ, તા. ૧૭

ગઈકાલે આખા દિવસના ઉકળાટ બાદ સાંજે થયેલા ધોધમાર વરસાદ બાદ મેઘરાજાએ અમદાવાદમાં જમાવટ કરી છે. આજે બપોરે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદનું જોરદાર ઝાપટું પડી જતાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. સીજી રોડ, નવરંગપુરા તેમજ આસપાસના વિસ્તારોમાં આજે બપોરે સારો એવો વરસાદ પડ્યો હતો. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, શહેરમાં આગામી દિવસોમાં વરસાદી વાતાવરણ બન્યું રહેશે.

આજે બપોરે પડેલા ઝાપટાંને કારણે મીઠાખળી અંડર બ્રિજમાં પાણી ભરાઈ જતાં તેને બંધ કરવો પડ્યો હતો. પંચવટી સર્કલ તેમજ કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકોને પણ પરેશાન થવું પડ્યું હતું. અમદાવાદમાં ગઈકાલે રાત્રે સારો એવો વરસાદ પડ્યા બાદ આજે સવારે ફરી ઉકળાટ અનુભવાઈ રહ્યો હતો. જોકે, બપોરે ફરી ઝાપટું પડી જતાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમદાવાદ ઉપરાંત ગાંધીનગરમાં પણ આજે બપોરે વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં ગત સપ્તાહે જ ચોમાસુ સત્તાવાર રીતે એન્ટ્રી કરી ચૂક્યું છે. અમદાવાદમાં શનિ-રવિ દરમિયાન વરસાદ પડવાની આગાહી પણ હવામાન ખાતા દ્વારા કરાઈ હતી. જોકે, ચોમાસુ આગળ વધતું અટકી જતાં અમદાવાદ કોરું રહી ગયું હતું. છેલ્લા બે દિવસમાં ચોમાસુ લગભગ આખાય રાજ્યમાં પ્રસરી ચૂક્યું છે, અને ગઈકાલે પણ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અલગ-અલગ ભાગોમાં છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે. તાપમાનનો પારો પણ આ દરમિયાન નીચો રહેશે અને રાત્રે ઠંડક અનુભવાશે.

દરમિયાનમાં આજે બપોરે વડોદરામાં વાજતે-વાજતે વરસાદ પડ્યો હતો. ભારે બફારા બાદ શહેરમાં લગભગ અડધાથી પોણા કલાકમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. તોફાની પવન સાથે પડેલાં ધોધમાર વરસાદને કારણે વૃક્ષો અને હોર્ડિંગ્સ ધરાશાયી થયા હોવાના સમાચાર મળી રહ્યાં છે. ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહન-વ્યવહારને અસર પડી હતી.

વડોદરામાં ભારે પવન સાથે પડેલાં વરસાદને પગલે મુક્તાનંદ વિસ્તારમાં આવેલું હોર્ડિંગ્સ પડી ગયું હતું. આ ઘટનામાં કઈ જાનહાનીના સમાચાર નથી. આ સાથે જ પવનને લીધે ઘણી જગ્યાએ વૃક્ષો પણ ધરાશાયી થયા છે.

શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, પરંતુ લગભગ અડધા કલાકમાં જ દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે વાહન વ્યવહાર ખોરવાયો હતો અને પાણી ભરાવવાની સમસ્યાને પગલે રસ્તાઓ પર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ભારે ઉકળાટની વચ્ચે ગઈકાલથી સમગ્ર રાજ્યમાં મેઘમહેર જોવા મળી છે. સરકારી આંકડા અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૩ તાલુકામાં વરસાદ પડ્યો છે. જેમાં આણંદમાં સૌથી વધારે અઢી ઈંચ તો ખેડાના વસોમાં ૨.૪ ઈંચ વરસાદ પડ્યો છે.

### વરસાદ વરસ્યો, ફરી ખેડૂતોને પાયમાલીનો દંશ

# સાબરકાંઠા, અરવલ્લીમાં વીજળીના કડાકા ભડાકા સાથે અડધા થી દોઢ ઈંચ વરસાદ

### નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, કેટલાક ઝાડ ધરાશાયી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અસહ્ય બફારા પછી ગત રાત્રે વીજળીના ડરામણા કડાકા..ભડાકા સાથે અડધા થી દોઢ ઈંચ વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જિલ્લાના મોડાસામાં દોઢ, પ્રાંતિજ-૧ ઈંચ, વડાલીમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતાં ફરી ખેડૂતોને પાયમાલીનો દંશ મળ્યો છે. તૈયાર તલ, મગફળી સહિતનો પાક ભીંજાઈ ગયો હતો. જ્યારે ખેતરમાં સૂકાયેલો ઘાસચારો પણ ભીંજાતાં મૂંગા પશુઓનો કોળીયો ઝૂંટવાયા જેવી સ્થિતિ જોવા મળી. વાવાઝોડા સાથે વરસાદ વરસતાં ઝાડ ધરાશાયી થયાં. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કલાકો સુધી વીજળી ગાયબ થતાં ગ્રામ્ય પ્રજામાં રોષ જોવા મળ્યો.

આ વર્ષેનૈઋત્યનુંચોમાસુ ધાર્યા કરતાં પણ વહેલું આંગણે આવી પહોંચ્યું છે. સામાન્ય રીતે જિલ્લામાં ૨૦મી જૂન પછી વરસાદની પધરામણી થતી હોય છે જેથી ખેડૂતો ખરીફ પાકના વાવેતર માટે મોસમનો મિજાજ જોઈ તૈયારી કરતા હોય છે પરંતુ ગત મહિને તાઉતે વાવાઝોડું ફૂંકાયું હતું અને તેની ઈફેક્ટથી રહી રહીને હવામાનમાં બદલાવ જોવા મળ્યા છે. થોડાક સમય અગાઉ કમોસમી વરસાદ વરસતાં ખેતીને નુકસાન પહોંચ્યું હતું પરંતુ સરકારી



વિભાગે ખેતી ક્ષેત્રે માવઠાથી કોઈ નુકસાન ન હોવાના અહેવાલ સરકારમાં રવાના કર્યા હતા ત્યાં હવે ફરીથી મોસમનો મિજાજ બદલાયો છે અને બુધવારની રાત્રે આકાશમાં વીજળીના કડાકા-ભડાકા સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસતાં જાણે કે વિધિવત રીતે ચોમાસુ પાટે બેઠું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ઓણ સાલ ચોમાસા અંગે વર્ષા વિધ્નને વર્ષ બાર આની રહેવાનો વર્તારો વ્યક્ત કર્યા પછી સ્વાભાવિક રીતે ચોમાસા અંગે ખેડૂતો ચિંતિત બન્યા છે.

## બુથ પેટર્ન પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩,૬૯,૬૬૧ લોકોને અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૧,૫૦,૦૯૫ પુરૂષ અને ૧,૨૮,૫૮૭ મહિલાઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨,૭૮,૭૧૯ લોકોને પ્રથમ ડોઝ અને ૯૦,૯૪૨ લોકોને બીજો ડોઝ અત્યાર સુધીમાં આપવામાં આવ્યો છે. ગાંધીનગર શહેરમાં ૨,૪૫,૬૧૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૧,૯૯,૨૨૭ લોકોને પ્રથમ ડોઝ અને ૪૬,૩૮૭ લોકોને બે ઝોડ આપી દેવામાં આવ્યા છે. શહેરમાં ૧,૧૪,૮૩૧ પુરૂષો અને ૮૪,૩૫૦ મહિલાઓને આવરી લેવામાં આવેલ છે.

## માથું ઉંચકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુકેમાં સેકન્ડ વેવ પૂરો થવાના ચાર સપ્તાહમાં જ ત્રીજો વેવ શરુ થવાની આશંકા છે. મહારાષ્ટ્રમાં પણ જો તકેદારી ના રખાઈ અને ભીડ ભેગી થતા ના અટકાવાઈ તો યુકે જેવી જ સ્થિતિ સર્જાઇ શકે છે. એક્સપર્ટ્સના એક વર્ગનું એમ પણ માનવું છે કે એક લહેર ઓસર્યા બાદ બીજી વેવ શરુ થવામાં ૧૦૦ દિવસ જેટલો સમય લાગી શકે છે. તેમનું એવું પણ માનવું છે કે આગામી વેવમાં બાળ દર્દીઓની સંખ્યા ૩.૫ ટકાથી વધુ નહીં હોય. મહારાષ્ટ્રમાં છેલ્લા બે સપ્તાહમાં વીકલી પોઝિટિવિટી રેટ અને ઓક્સિજન બેડની ઓક્યુપન્સી જેવા માપદંડોને ધ્યાનમાં રાખી પાંચ તબક્કામાં અનલોક લાગુ કરાયું છે. હાલની સ્થિતિમાં એક સમયે કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત નાગપુર અને પુણે સહિતના કુલ ૧૫ જિલ્લામાં ખૂબ જ મોટા પ્રમાણમાં છૂટછાટ આપવામાં આવી છે. મિટિંગમાં હાજર રહેલા એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, અનિયંત્રિત ભીડ અને માસ્ક તેમજ કામ વિના ઘરની બહાર ફરવા નીકળી પડવાનું વલણ ચિંતા ઉપજાવે તેવી છે. મુંબઈમાં પણ હાલ કેટલાક નિયંત્રણો લાગુ છે, પરંતુ લોકોના ગમે ત્યાં આવવા-જવા પર કોઈ પાબંધી નથી. વળી, ટેસ્ટિંગની સંખ્યા પણ ઘટતા ઘણા કેસ ડિટેક્ટ જ ના થાય તેવી સંભાવના પણ નકારી શકાય તેમ નથી. મહારાષ્ટ્રની કોવિડ ટાસ્ક ફોર્સનું માનવું છે કે પહેલા બે વેવમાં જેમને કોરોનાનો ચેપ નથી લાગ્યો.

## જળપ્રલય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાવેશ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા ચાર દિવસથી મધ્ય નેપાળમાં ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે અનેક સ્થળોએ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઇ છે. ગુરુવારે સવારે સિંધુપાલ ચોકમાં એકાએક વાદળ ફાટ્યું હતું. જેમાં ૨૩ લોકો ગુમ થયા છે. સરકારી તંત્રે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે. મીડિયા રિપોર્ટમાં આરોગ્ય પ્રધાન શેર બહાદુર તમંગેને ટાંકીને જણાવાયુ છે કે, નેપાળના મેલમચી અને ઈન્દ્રવતી નદીઓમાં પૂરમાં ૨૩ થી વધુ લોકો લાપતા છે. પૂરના કારણે મેલમચી પીવાના પાણી પુરવઠા પ્રોજેક્ટ ટીંબુબજાર, ચાનૌત બજાર, તલામરંગ બજાર અને મેલમચી બજારમાં ભારે નુકસાન થયું છે. લોકોના જાનમાલને પણ પારાવાર નુકસાન થવા પામ્યુ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેલમચી નદીના કાંઠે આવેલા ગામોની ઝુંપડપટ્ટીના ૩૦૦ જેટલી ઝૂંપડાઓ ઘસમસતા પૂરના પાણીમાં તણાઈ ગયા છે. તો લમજંગ જિલ્લામાં ઘણા મકાનોમાં પાણીમાં ગરકાવ થઈ ગયા છે. અધિકારીઓના જણાવ્યાનુસાર નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારમાં આશરે ૨૦૦થી વધુ મકાનો જોખમી અવસ્થામાં છે. સિંધુપાલ ચોકના મુખ્ય જિલ્લા અધિકારી અરૂણ પોખરેલે કહ્યું કે, નેપાળ પોલીસ, સૈન્ય અને સશસ્ત્ર પોલીસ દળ દ્વારા યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે.

# ભાજપમાં જોડાવવા દબાણ કરતા મહિલા કોર્પોરેટરના છુટાછેડા

સુરત, તા. ૧૭

સુરતના આપના કોર્પોરેટરે ભાજપ દ્વારા ત્રણ કરોડ રૂપિયા આપીને ખરીદવાની ઓફર કરી છે. મારા પતિએ મને ભાજપમાં જોડાવવા માટે દબાણ કરતાં હોવાથી મારે છુટાછેડા લેવાની ફરજ પડી છે. મારા પતિ સાથે છુટાછેડા થયાં બાદ મને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મારા પતિ પૈસા લઈને ભાજપમાં જોડાયા છે અને તેઓ બદનામ કરે છે. જોકે, ભાજપના કામરેજના ધારાસભ્ય દ્વારા ત્રણ કરોડ રૂપિયાની ઓફર ભાજપમાં જોડાવવા માટે આપી છે જે મેં ફગાવી છે. જોકે, ભાજપે ઓફર કરી હોવાના કોઈ પુરાવા નથી પરંતુ તેઓ પોલીસ ફરિયાદ કરશે. આપના મહિલા કોર્પોરેટરના આ આક્ષેપના કારણે સુરતમાં રાજકારણ ગરમાયું છે અને આ વિવાદ આગામી દિવોસમાં વધુ વકરે તેવી શક્યતા છે. જોકે, મહિલા કોર્પોરેટરે જે આક્ષેપ કર્યા છે તેની પાછળ અન્ય કોઈ કારણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આપના ગુજરાત પ્રમુખે ભાજપ ધાક ધમકી અને લાલચ આપી રહ્યું છે અને પુરાવા છે પણ હાલ રજુ નહીં કરીએ તેમ કહ્યુંના બીજા જ દિવસે આમ આદમી પાર્ટીના મહિલા કોર્પોરેટરને ભાજપે ત્રણ કરોડ રૂપિયાની ઓફર આપી છે. સુરત મ્યુનિ.ના વિપક્ષી નેતાએ આજે અચાનક પત્રકાર પરિષદ રાખી હતી તેમાં મહિલા કોર્પોરેટર ઋતા દુધાગરાએ તેમના પતિ અને ભાજપના કામરેજના ધારાસભ્ય સામે ગંભીર આક્ષેપ કર્યા છે. રૂતા દુધાગરાએ આક્ષેપ કરતાં કહ્યું કે, અમે જીતીને આવ્યા ત્યાર બાદ અમને અનેક વખત ભાજપ સાથે જોડાવવા માટે દબાણ કરી ધમકી આપવામાં આવી છે. મારા પતિ ચિરાગ દુધાગરા કમાતા નથી અને મારા પર જ ઘર ચાલી રહ્યું છે તેથી તેઓ મને ભાજપની ઓફર સ્વીકારવા માટે વારંવાર દબાણ કરતાં હતા. તેઓ વારંવાર કહેતાં હતા ભાજપ સારી ઓફર અને સારી સુવિધા આપે છે તો સ્વીકારી લઈએ. પરંતુ મારા પર ૫૪ હજાર લોકોએ વિશ્વાસ મુક્યો છે તે વિશ્વાસ રાખીને હું આમ આદમી પાર્ટી સાથે જ રહી છું અને રહીશ.

તેઓએ વધુમાં કહ્યું હતું કે, આ મુદ્દે મારા પતિનું વર્તન ખરાબ હતું અને અમારા વચ્ચે ઘણા ઝઘડા થતાં હતા અને તેના કારણે અમે ૨૧ મેના રોજ ડિવોર્સની કામગીરી કરી હતી અને અમારા ડિવોર્સ પણ થઈ ગયાં છે. મારા પતિ અને ભાજપના કેટલાક લોકો સતત મને બદનામ કરવો પ્રયાસ કરી રહ્યાં છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે, મને ભાજપમાંથી જોડાવવા માટે ભાજપના ધારાસભ્ય પાસેથી ત્રણ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી છે.

જોકે, આ ઓફર કામરેજના ધારાસભ્યએ સીધી કરી નથી પરંતુ તેમના તરફથી આવતાં લોકોએ કરી છે. તેમના માણસો મારા ઘરે આવતાં અને મને આના કરતાં પણ વધુ ઓફર હોય તો તે કહેવા જણાવતાં હતા. પરંતુ મે તેમની તમામ ઓફર નકારી કાઢી છે.